ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૭/૨૦-૨૧/ 839 તારીખ: 08 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ગીરજાશંકર એન.જોષી,**
મું.ડેડાણ,
તા.ખાંભા,
**જી.અમરેલી.**
**મો.નં.**

કેસ નં.૭૭/૨૦-૨૧

**વિષય : એલ.ઈ.ડી બલ્બ ની વધારે રકમ વસુલવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૦-૨૧/૨૯૩ તા.૧૯/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮૨ તા.૧૨/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખાંભા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૭/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી ગીરજાશંકર એન.જોષી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૨૬/૦૨/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી ભાવેશભાઈ જી.જોષી – (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી કે.ડી.નિનામા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગીરજાશંકર એન.જોષી, મું.ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી ની એલ.ઈ.ડી બલ્બ ની વધારે રકમ વસુલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૨૦–૨૧/૨૯૩ તા.૧૯/૦૧/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૬/૦૨/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગીરજાશંકર એન જોષી વતી તેમના પુત્ર શ્રી ભાવેશભાઈ જી.જોષી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે ડી નિનામા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી ગીરજાશંકર એન જોષી એ ડેડાણ ગામે વિજ ગ્રાહક નં–૮૭૩૫૨/૦૦૩૨૯/૦ થી ૦.૫ કરારીત વિજભાર વાળું રેસીડેન્શીયલ કેટેગરી નું વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા ઉજાલા એલ.ઈ.ડી.લેમ્પ નું વેચાણ થતુ હતું તે સમયે ૧૦ નંગ એલ.ઈ.ડી.લેમ્પ ખરીદેલ હતા. તેમજ તેમના ઉપરોકત દર્શાવ્યા મુજબના વિજ ગ્રાહક નંબર નું વિજ બિલ સામે લેમ્પ ની રકમ વસુલ કરવા સંમતિ આપેલી હતી.

૧.૩ જે મુજબ ૧૦ લેમ્પ ના પ્રતિ લેમ્પ રૂા.૭૫/– લેખે કુલ રૂા.૭૫૦/– વસુલવા પાત્ર થતા હોવા જોઈએ જે સામે માસ જુલાઈ –ઓગષ્ટ–૨૦૧૮ ના બિલ થી પછીના ૫(પાંચ) બિલ એટલે કે, કુલ–૬ બિલ (છેલ્લે મે–જુન–૨૦૧૯) સુધી માં કુલ રૂા.૧૨૭૫/– વસુલાત કરવામાં આવેલ હતી.જે બિલ ની રકમ કરતા રૂા.૫૨૫/– વધારે વસુલાત થયેલ છે.

૧.૪ આથી, વધારે વસુલ થયેલ રૂા.૫૨૫/– પરત મળે તે માટે અરજી કરવામાં આવેલ છે.

P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી ગીરજાશંકર એન જોષી એ ખાંભા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ડેડાણ ગામ તા.ખાંભા હેઠળ RGPR (રેસીડેન્શીયલ) ટેરીફ નું તથા ૦.૫ કરારીત વિજભાર નું સીંગલ ફેઈઝ વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ ગ્રાહક શ્રી દ્વારા ઉજાલા એલ.ઈ.ડી લેમ્પ નું વેચાણ ચાલુ હતુ તે સમયે ૧૦ (દશ) નંગ એલ.ઈ.ડી.લેમ્પ ખરીદવા માં આવેલ હતા. તેમજ તેમનું વિજ બિલ સામે હપ્તામાં રકમ ઉધારવામાં આવે તે માટે સંમતિ આપવામાં આવેલ હતી. આ પ્રકારની અરજી ના આધારે ગ્રાહકશ્રી ને એલ.ઈ.ડી.બલ્બ આપવામાં આવતા હતા અને વિજ બિલ ના આધારે જરૂરી કાર્યવાહી EESL–એનર્જી એફીશીયન્ટ સર્વિસીસ લીમીટેડ દ્વારા નિમાયેલ પ્રતિનિધિ દ્વારા કરવામાં આવતી હતી.

૨.૩ સદર વિજ ગ્રાહકની અરજી ના અનુસંધાને તેની અરજીમાં દર્શાવેલ વિગત મુજબ નીચે મુજબ વસુલ કરેલ રકમ દર્શાવેલ છે.

| ક્રમ | માસ | વાદીની રજૂઆત મુજબ વસુલ કરેલ રકમ | રેકોર્ડ મુજબ વસુલ કરેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | જુલાઈ–ઓગષ્ટ–૨૦૧૮ | ૧૫૦ | ૧૫૦ | |
| ૨ | સપ્ટે–ઓકટો–૨૦૧૮ | ૧૫૦ | ૧૫૦ | |
| ૩ | નવે–ડિસે–૨૦૧૮ | ૬૭૫ | ૧૫૦ | |
| ૪ | જાન્યુ–ફેબ્રુઆરી–૨૦૧૯ | ૧૫૦ | ૧૫૦ | |
| ૫ | માર્ચ–એપ્રિલ–૨૦૧૯ | ૭૫ | ૭૫ | |
| ૬ | મે–જુન–૨૦૧૯ | ૭૫ | ૦૦ | |
| | | ૧૨૭૫ | ૬૭૫ | |

ઉપરોકત દર્શાવેલ મુજબ ગ્રાહકની રજૂઆત મુજબ કુલ–૧૨૭૫ રૂપિયાની વસુલાત એલ.ઈ.ડી.બલ્બ ના કરવામાં આવેલ છે. જયારે લેઝર તથા જે તે વખતના બિલ એટલે કે રેકર્ડ તપાસતા, કુલ–૬૭૫ રૂપિયાની વસુલાત થયેલ જણાય છે. આમ,ગ્રાહકની રજૂઆત મુજબ કુલ રૂા.૧૨૭૫ કરવામાં આવેલ અને ૫રત રૂપિયા વધારે વસુલાત થયેલ છે. તે વાત ખોટી છે. તેઓની રજૂઆત મુજબ તેઓશ્રી એ કુલ–૧૦ લેમ્પ ખરીદેલ છે. જેના રૂપિયા ૭૫ લેખે રૂા.૭૫ × ૧૦ = ૭૫૦ વસુલવા પાત્ર થવા જોઈએ, તેની સામે રેકોર્ડ મુજબ રૂા.૬૭૫/– વસુલેલ છે. જે ખરેખર વસુલવાની થતી રકમ કરતા રૂા.૭૫/– ઓછા વસુલવામાં આવેલ છે. જે ખરેખર એમને ભરપાઈ કરવાની થાય છે.

P.G.V.C.L.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ભાવેશભાઈ જી.જોષી, ગામ–ડેડાણ, તા.ખાંભા માં ગીરજાશંકર એન.જોષી ના નામનું ઘર વપરાશનું સીંગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રા.નં–૮૭૩૫૨/૦૦૩૨૯/૦ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદારે ઉજાલા સ્કીમ હેઠળ ૧૦ નંગ એલ.ઈ.ડી. લેમ્પ ખરીદેલ અને હપ્તેથી રકમ વસુલ કરવા માટે સંમતિ આપેલ.

૩.૩ વાદીની રજૂઆત મુજબ પ્રતિવાદીએ આપેલ નવે–ડિસે–૨૦૧૮ ના તા.૨૦/૧૧/૨૦૧૮ ના વિજ બિલ માં પ્રતિવાદીએ એલ.ઈ.ડી.લેમ્પના EMI ના રૂા.૬૭૫/– બિલમાં દર્શાવેલ છે. વાદીની રજૂઆત મુજબ પ્રતિવાદીએ વાદીને આપેલ દ્વી માસિક બિલ માં જુલાઈ–ઓગષ્ટ–૨૦૧૮ થી મે–જુન–૨૦૧૯ દરમિયાન કુલ રૂા.૧૨૭૫/– વસુલ કરેલ છે. જે ૧૭ લેમ્પ ની કિંમત થાય છે. જયારે, વાદીએ ખરેખર ૧૦ લેમ્પ હપ્તાથી ખરીદેલ.

૩.૪ ફોરમે EESL વતી તેમના પ્રતિનિધિ શ્રી સાગર ચુડાસમા – એન્જીનીયર ને હાજર રાખેલ. પ્રતિવાદીએ રજૂ કરેલ વાદીના બિલીંગ નો PRT-145 તેમજ વાદીએ પ્રતિવાદીને ભરેલ રકમનો રીપોર્ટ તેમજ EESL ના પ્રતિનિધિ એ આપેલ માહિતી મુજબ વાદીના બિલીંગ એકાઉન્ટમાં ખરેખર નવે–ડિસે–૨૦૧૮ નું તા.૨૦/૧૧/૨૦૧૮ ના રોજ બનેલ બિલમાં ઉજાલા સ્કીમ હેઠળ રૂા.૬૭૫/– ને બદલે રૂા.૧૫૦/– ની રકમ બિલમાં બતાવવામાં આવેલ છે.

૩.૫ પ્રતિવાદીએ રજૂ કરેલ બિલીંગ રેકર્ડ PRT-145 મુજબ પ્રતિવાદીએ બનાવેલ દ્વી માસિક વિજ બિલ માં જુલાઈ–ઓગષ્ટ – ૨૦૧૮ થી જાન્યુ–ફેબ્રુ–૨૦૧૯ દરમિયાન રૂા.૧૫૦/– લેખે ૪ બિલ માં રૂા.૬૦૦/– તેમજ માર્ચ–એપ્રિલ–૨૦૧૯ ના બિલમાં રૂા.૭૫/– એમ કુલ રૂા.૬૭૫/– ૯ લેમ્પ ની રકમ ઉધારેલ છે અને તે મુજબ વાદીએ ભરપાઈ કરેલ છે.

૩.૬ EESL એ આપેલ ૧૦ લેમ્પ સામે વસુલવાની થતી રકમ રૂા.૭૫૦/– સામે પ્રતિવાદીએ વાદી પાસેથી રૂા.૬૭૫/– વિજ બિલ માં ઉધારી અને વસુલ કરેલ છે અને ખરેખર ૧ નંગ એલ.ઈ.ડી.લેમ્પ ના રૂા.૭૫/– વાદી પાસેથી વસુલવાના બાકી છે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૭ સુનાવણી દરમિયાન વાદીને તેના વિજ બિલ સંપૂર્ણ તેમજ તેની પાસેથી ખરેખર વસુલ કરવામાં આવેલ એલ.ઈ.ડી લેમ્પ ની રકમ અને બાકી રહેતી રકમ અંગે સમજાવી અને રેકર્ડ બતાવેલ છે. તેમજ વાદીને પ્રતિવાદીના જવાબ ની નકલ આપેલ છે.

૩.૮ ઉપર મુજબ ના અવલોકન અને રેકર્ડ ઉપરથી તારણ કાઢવામાં આવે છે કે, વાદીએ ખરીદેલ ૧૦ એલ.ઈ.ડી લેમ્પ ની રકમ રૂા.૭૫૦/– સામે રૂા.૬૭૫/– પ્રતિવાદીએ વસુલેલ છે અને એક લેમ્પની રકમ રૂા.૭૫/– બાકી રહે છે. જે વાદીએ ભરવાપાત્ર છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

( ગેરહાજર )
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

તારીખ :– ૨૬/૦૨/૨૦૨૧.